કચ્છના રાજકવિ
યતિશ્રી કનકકુશળજી

દુલેરાય કારાણી

કચ્છમાં ઘણા જૂના કાળથી જૈન યતિઓનું પ્રાબલ્ય હતું. આજથી માત્ર અર્ધી સદી પહેલાં પણ અહીં દોઢસો પછેડીધારી યતિઓ હતા. હવે તો ભારતના અન્ય પ્રદેશોની માફક કચ્છમાં પણ જૈન યતિઓની સંખ્યા નહિવત્ રહેવા પામી છે.

કચ્છના રાવશ્રી પહેલા ખેંગારજીને દૈવી સાંગ* આપીને એમને સહાયભૂત થનાર યતિશ્રી માણેકમેરજીને રાઓશ્રી સૌરાષ્ટ્રના ચરાડવા ગામેથી કચ્છમાં લાવ્યા, અને એમને ભુજની પોશાળમાં નિયુક્ત કર્યા, ત્યારથી રાજદરબારમાં પણ જૈન યતિઓ ઉચ્ચ સ્થાનના અધિકારી બન્યા. કચ્છ રાજ્યના પાટવી કુંવરનું વિદ્યાધ્યયન સૌથી પ્રથમ પોશાળના ગાદીપતિ યતિ મહારાજથી શરૂ થતું. આ યતિ રાજકુંવરના કાનમાં ॥ ૐ નમઃ સિદ્ધં ॥ નો મહામંત્ર ફૂંકતો અને ત્યારપછી તેને પહેલો અક્ષર ઘુંટાવતો. આટલી ક્રિયા પછી કચ્છના યુવરાજનો વિદ્યાભ્યાસ આગળ ચાલતો. આજે પણ આ પ્રણાલિકા ચાલુ છે.

વિક્રમની સત્તરમી સદીની શરૂઆતથી રાઓ ખેંગારના રાજ્ય-અમલમાં યતિશ્રી માણેકમેરજી કાઠિયાવાડમાંથી કચ્છમાં આવ્યા અને ત્યારથી પોશાળમાં એમની પરંપરાનો આરંભ થયો. અઢારમી સદીના મધ્યમાં મહારાઓશ્રી લખપતજીએ ભુજમાં વ્રજભાષા પાઠશાળાની સ્થાપના કરી. લખપતજી મોજીલા, વિલાસી અને સાહિત્યપ્રેમી હતા. લલિત કલાઓના એ પરમ ઉપાસક અને સહાયક હતા. સાહિત્ય, સંગીત અને કલાના ચાહક રાજવી તરીકે કચ્છમાં એ અજોડ હતા.

આ રંગીલા રાજવીએ જ્યારે કચ્છનો કારભાર હાથમાં લીધો ત્યારે દુનિયાથી અલગ પડેલા એવા કચ્છ પ્રદેશને કાવ્ય-કળા અને હુનર-કળા વડે ભારતભરમાં પ્રખ્યાત બનાવી દેવાના એમના અંતરમાં કોડ જાગ્યા હતા, અને તે ઘણે અંશે સફળ થયા છે એમ આજે સ્પષ્ટ જોવામાં આવે છે. કવિ નાનાલાલ જેવા

* આ સાંગનું આજે પણ વિજયાદશમીના દિવસે પૂજન થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગુજરાતના કવિસમ્રાટ્ કહી ગયા છે કે : "ભુજિયો એ કચ્છના મહારાઓનું સિંહાસન છે, અને વ્રજભાષા પાઠશાળા એનો કીર્તિમુગટ છે."

મહારાઓશ્રી લખપતજીએ એક તરફ જેમ હુન્નરકળાનો વિકાસ સાધ્યો, તેમ બીજી બાજુ કાવ્યકલાનું એક નવું જ ક્ષેત્ર તૈયાર કર્યું. મહારાઓશ્રી કલાપ્રેમી હતા તેવા જ કાવ્યપ્રેમી પણ હતા. પોતે પણ કવિ હતા—મહાકવિ હતા. કચ્છને કલાનું ધામ બનાવવા સાથે એમણે કાવ્ય-કલાનું અધ્યાપન-મંદિર પણ બનાવી દીધું. "કવિ જન્મે છે; એને ઘડી શકાતો નથી." એ કહેવતને ફેરવીને એમણે કવિઓ ઘડવાની પાઠશાળા કચ્છમાં શરૂ કરી. એમનામાં દેશનાં રત્નોને ચૂંટી કાઢવાની ખાસ શક્તિ હતી. હુન્નર-કળા માટે એમણે રામસિંહ માલમ જેવા કલાધરને શોધી કાઢ્યો, તે જ રીતે કાવ્ય-કળા માટે એમણે મારવાડ-જોધપુર બાજુના તપાગચ્છના યતિ કનકકુશળજી જેવા કાવ્ય-કોહિનૂરને શોધીને તેમને કચ્છમાં ખેંચી લીધા અને વ્રજભાષા પાઠશાળાના પ્રથમાચાર્ય તરીકે તેમને ઘણા જ માનપાનથી ભટ્ટાર્કની પદવી સાથે સ્થાપિત કર્યા. આ પાઠશાળાએ આગળ જતાં કેટલો વિકાસ સાધ્યો તેની સાબિતી ગુજરાતના મહાકવિ નાનાલાલના નીચેના શબ્દો આપી જાય છે :

"કાવ્ય-કલા શીખવાની કચ્છ–ભુજમાં પોશાળ હતી—આજે પણ છે. કવિઓ સૃજવાની એ કાવ્ય-શાળા કદાચ દુનિયાભરમાં અદ્વિતીય હશે. ઘણા કાવ્યરસિકો ત્યાં ભણી, રાજદરબારમાં કવિરાજ થયા છે. એ કાવ્યશાળામાં કાવ્યશાસ્ત્રો શીખવાય છે, ને રસોપાસકોને નવરસની વાડીઓમાં ઘુમાવી, ઋતુઓની તડકી-છાંયડી પ્રીછાવી, અભિસિંચન, ઉછેર, ફાલવીણણ, ગૂંથણ વગેરે બગીચાશાસ્ત્રનો શાસ્ત્રી ઉછરતા બાગવાનને ભણાવે છે એમ ત્યાં ભણાવાય છે. કચ્છના મહારાવનું ભુજિયો સિંહાસન છે, પણ ભુજની પોશાળ તે કચ્છના મહારાવનો કીર્તિમુગટ છે."

કવિ નાનાલાલના પિતા ગુજરાતી ભાષાના લોકપ્રિય કવિ દલપતરામ ડાહ્યાભાઈ પણ આ પાઠશાળાનો ઉલ્લેખ કરતાં 'બુદ્ધિપ્રકાશ'ના સન ૧૮૫૮ના જુલાઈ માસના અંકમાં જણાવે છે કે :

"ભુજની પાછલી કેટલીયે પેઢીઓથી કવિતા શીખવવાની પાઠશાળા ચલાવવામાં આવે છે. એમાં શિક્ષણ આપનાર ગોરજી છે. તેને રાજ્ય તરફથી વર્ષાસન મળેલ છે. આજે કવિતા શીખનારને ખાનપાનની સગવડ રાજ્ય તરફથી આપવામાં આવે છે. ભણનાર વિદ્યાર્થી જેવી પરીક્ષા આપે છે તેવું તેને ઇનામ મળે છે. આ પ્રકારની કવિતાની પાઠશાળા સમસ્ત ગુજરાતમાં ન તો કોઈ જોવામાં આવી છે ન સાંભળવામાં."

ગુજરાતી સાહિત્યના સ્તંભ સમા આ બે ધુરંધર કવિઓના અભિપ્રાયથી આ પાઠશાળાની મહત્તા સહેજે સમજી શકાશે.

વ્રજભાષાથી અજ્ઞાત એવા કચ્છ જેવા પ્રદેશમાં કાવ્યકળાના રસને રેલાવનાર કવિવર કનકકુશળજીએ અહીં કાવ્યકળાના ગણેશનું કોઈ એવા શુભ ચોઘડીએ મંડાણ કર્યું કે તેની કીર્તિ ચન્દ્રની ખીલતી કળાની માફક દિનપ્રતિદિન વધતી ચાલી.

કચ્છ, કાઠિયાવાડ, ગુજરાત તેમ જ મારવાડ અને રાજસ્થાનમાંથી કવિપદ પ્રાપ્ત કરવાના કોડ સેવનાર સરસ્વતી-પુત્રો અહીં આવતા અને સરસ્વતીની આરાધના કરી, કવિની છાપ લઈને અહીંથી વિદાય થતા. એવા કેટલાયે કવિરાજોએ અનેક રાજ્યોના રાજકવિ બનીને આ સંસ્થાના નામને ઉજ્જવળ કરેલ છે.

કવિ કનકકુશળજીએ "લખપતમંજરી નામમાળા" નામે એક ઉત્તમ ગ્રંથ સંવત ૧૭૯૪માં લખેલ છે. એમાં ૨૦૨ પદો છે. આરંભના ૧૦૨ પદોમાં જાડેજા વંશનો ઇતિહાસ છે અને ત્યાર પછી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ નામમાળાનો આરંભ થાય છે. ૨૦૨ પદમાં તે સમાપ્ત થાય છે. એના છેલ્લા બે પદ નીચે મુજબ છે :

લખપતિ જસ સુમનસ લલિત, ઈકિ બરની અભિરામ,
સુકવિ કનક કીની સરસ, નામ દામ ગુણ ધામ.
સુનત જાસુ હૈ સરસ ફલ, કલ્મસ રહે ન કોય,
મન જપિ લખપતિ મંજરી, હરિ દર્શન જ્યોં હોય.

દિલ્હીના મોગલ બાદશાહ શાહજહાંના દરબારના સુપ્રસિદ્ધ કવિ 'સુંદર'ના 'સુંદર શૃંગાર' પુસ્તકની ભાષા ટીકા પણ કવિ કનકકુશળજીએ મહારાવશ્રી લખપતજીના નામ પર લખી છે. આ પુસ્તકનો આરંભ નીચેની પંક્તિથી થાય છે :

યહ સુંદર શૃંગાર કી, રસ દીપિકા સુરંગ,
રચી દેશપતિ રાઉ સુત, લખપતિ લહિ રસ અંગ.

કવિશ્રી કનકકુશળજીની મહત્તા એમના શિષ્યે રચેલી નીચેની બે કૃતિઓ પરથી સમજી શકાશે :

કવિત

પંડિત પ્રબીન પરમારથ કે બાત પાઉં,
	ગુરુતા ગંભીર, ગુરુ ગ્નાન હુ કે ગ્નાતા હૈ;
પાંચૌં વ્રત પાલૈ, રાગદ્વેષ દોઉ દૂર ટાલૈ,
	આવૈ નર પાસ વા કું, ગ્નાન દાન દાતા હૈ;
પંચ સુમતિ તીન, ગુપતિ કે સંગી સાધુ,
	પીહર છ કાય કે, સુહાય જીવ ત્રાતા હૈ;
સુગુરુ પ્રતાપ કે, પ્રતાપ પદ ભટ્ટારક,
	કનકકુશળસૂરિ, વિશ્વ મેં વિખ્યાતા હૈ.

સવૈયા

આનન સોહત બાની સદા,
	પુનિ બુદ્ધિ ધની તિહું લોકનિ જાની,
પિંગલ ભાષા પુરાતનિ સંસ્કૃત,
	તો રસના પે ઈતિ ઠહરાની;
સાહિબ શ્રી કનકેશ ભટારક,
	તો વપુ રાજે સદા રજધાની,
જૌં લૌં હૈં સૂરજ ચન્દ્ર રૂ અંબર,
	તૌં લૌં હૈ તેરે સહાય ભવાની.

અંતમાં કવિશ્રી કનકકુશળજી-રચિત દેવીમહિમાનો એક છંદ અત્રે આપવામાં આવે છે.

છંદ જાતિ ભુજંગી

વડી જ્યોત બ્રહ્માંડ, અંબા વિખ્યાતા,
	તુમ્હીં આશપૂરા, સદા કચ્છ માતા;
રંગ્યા રંગ લાલી, કિયા પાય રાતા,
	ભજો શ્રી ભવાની, સદા સુખદાતા.	૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વડા ઘૂઘરા, નૂપરાં નાદ બાજે,
ઘણા દુંદુભિ, વાદળાં શબ્દ ગાજે;
રહે પાય રમઝોલ, તાલે સુરાજે,
ભજ્યાથી ભવાની સકલ દુઃખ ભાજે. ૨

ભલી પીંડીયું, ઊપમા તીરભથ્થી,
બિહુ જંઘ રંભા, બણી સુંડ હથ્થી;
નિતંબા પ્રલંબા, રચ્યા ચક્ર રથ્થી,
વસે હીય મેં, જીવ જ્યોં વીસ હથ્થી. ૩

લખી લંક સૂરાં તણી, સંક આડી,
વણાવી સુકેસી, મુકેસીય વાડી;
લટંગા મુટંગા તણી, લાલ નાડી,
મહંમાય મોજેં, ધર્યા આપ આડી ! ૪

વળી મેખલા, લંકવાળી વિશાળી,
સુહાલી, રૂપાલી, સુકાલી, રસાલી;
કસી છાતીએ કંચુકી રંગ કાલી,
ભજો શ્રી ભવાની, ભુજા વીસવાલી ૫

ભુજા વીસ મેં, ચૂડ શ્રોવન[1] ભાળી,
બણી આંગુલી, વીંટીયાં નંગવાળી;
ઉદે અંબ, નક્ષત્ર આભા ઉજાળી,
મહા માય માતુ, ભજો જ્યોતવાળી. ૬

સજોતી ગળે શોભતી, મોતી માળા,
વણી કંઠ કંઠી, ત્રિરેખા વિશાળા;
રચી અંબ અંબા, સુઠોડી[2] રસાલા,
વખાણી પ્રમાણી, મહંમાય બાલા. ૭

રંગ્યા ઓષ્ઠ તંબોલ, બિંબં સુરંગા,
ઝગે જ્યોત દંતાન, બાહીર નંગા,
ભણે જીભસ્યું, ચાર વેદા અભંગા,
ઉમા ઇસરાણી, વખાણી ઉતંગા. ૮

કહ્યા હેમ પાત્રાં, જસા દો કપોલા,
ઝળક્કે નથે, નાક મોતી ઝકોલા,
ચખે રંગ રાતી, સુહાતી કચોલા,
ભવાં આંખ મોહે, ભવનાથ ભોળા. ૯

૧ સુવર્ણ. ૨ હડપચી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સુધટ્ટી ભ્રકુટી, કબાણું સુધારી,
  ભર્યાં નંગ મોટા, અકોટા સુધારી;
નવા વેઢલા, ખીંટલા જ્યોત ન્યારી,
  કર્ઈ કર્ણ, આભર્ણ કીધા કુમારી. ૧૦

ઉદે ભાલ ચંદં, અમંદં ઉજાસં,
  પગી[૩] મધ્ય ટીકી, સુનીકી પ્રકાસં;
ખુલ્યો માંગ[૪] સિંદૂર, કંદૂર પાસં,
  વધી તા તિમિ, કાંતિ મોતી વિકાસં. ૧૧

શિરે શીશફૂલં, અમૂલં સુધાટં,
  લસે દિવ્ય લાલી, સુલાલં લલાટં,
વણી કેશ વેણી, ત્રિવેણી વિરાટં,
  ઉમા ધ્યાન ધ્યાવે, સુજાવે ઉચાટં. ૧૨

લસે[૫] દામ[૬] ત્રિધામ છાપું લગાડી,
  સુરંગી દુરંગી સુહાતી જુ સાડી,
બહુ ફૂલ ફૂલી, અમૂલી જુ વાડી,
  મહીં મંડિકા, ચંડિકા મુજ માડી. ૧૩

સહુ દેવ ઈંદ્રાદિ, ચંદ્રાદિ આવે,
  ઘણીયું મણીયું, ઘણાં રત્ન લાવે;
ભર્યાં થાળ મુકતા, રુ ફુલે વધાવે,
  ગલે ગીત સંગીત, નાચે રુ ગાવે. ૧૪

ધરે હથ્થ માથે, લગાવે ધરત્તી.
  વદે મુખ, દુખાં તણી એ વિનંતી;
સુરાંનાથ—સન્નાથ કીજે સકત્તી,
  મહીષાં[૭] કરે, ચંડ મુંડાં મસત્તી. ૧૫

સુણે દેવ વાણી, કહે ઈસરાણી,
  નિચિંતા રહો ઈંદ્ર ઔ ઈંદ્રરાણી;
ઘણા દૈત ને પ્રેત ઘાલું જ ઘાણી,
  કૃપાણી મૃડાણી[૮], તબે હાથ તાણી. ૧૬

વડાલા ત્રંબાલા, તબે નાદ વાજે,
  સુંડાલા દંતાલા, ઉતાલા સુસાજે,
ચઢી દિગ્ધ[૯] સિંહે, ચલી જુદ્ધ કાજે,
  ધરા ઓતરા, શેષ પાતાળ ધ્રૂજે. ૧૭

---

૩ સુમેળથી શોભતી. ૪ સેંથી. ૫ ઝળકે. ૬ હાર. ૭ રાક્ષસો. ૮ પાર્વતી. ૯ મોટા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

થા બથ્થ જુટા, બિછૂટા લડાકા,
ખલાંરા દલાં, ખેલ ખગ્ગા ખડાકા;
દડા સા ઉડે, અંડ મુંડા દડાકા,
ભરે ડગ્ગ દિગ્ધા, કરંતા ભડાકા. ૧૮

ધમાધમ્મ ધોચે, બરચ્છી ધમોડા,
ધમાધમ્મ ધીંગા, ફરસ્સી ધમોડા,
મુડંતાં પડંતાં, લડંતાં સુજોડા,
ખગ્ગાં સુલગ્ગાં, પગાં કંધ ખોડા. ૧૯

ડમકં ડમકં, બજે રુદ્ર ડાકં,
હણ્યા ચંડીએ, ચંડ મુંડાં સુહાકં,
હુવા સુંભ નિસુંભ, મહિષાં હલાકં,
ખરી યોં કરી, ભૂત પ્રેતાં ખુરાકં. ૨૦

ગ્રસંતા પલાંરા, ડલા મુખ ગ્રાસં,
મહકંત અત્રં, કરંતં તમાસં;
ભખે[૧૦] ભૂત પ્રેતાં, કરે આગ ત્રાસં,
વડા મુંડ ખંડં, કરે મુખ વાસં. ૨૧

પીયે ભૂતણી, પ્રેતણી રક્ત પ્યાસં
ગ્રસે ગ્રિદ્ધણી, યોગણી મંસ ગ્રાસં;
હુએ ડાકણી સાકણી, હી હુલાસં,
ઉડે સામડી, આંતડી લે અકાસં. ૨૨

રુદ્રે રુંડ મુંડીય, માલા રચાઈ,
ઇસો જુદ્ધ, કુદ્ધે, કિયો આપ આઈ;
સુરાં ઓ નરાં, શેષ સંપે સુહાઈ,
વધાઈ વધાઈ, સુગાવે વધાઈ. ૨૩

બ્રહ્મમા વિસન્નુ વૃષાકં[૧૧] વખાણે,
યતી ઓ સતી, પાર યોગી ન જાણે,
ઠવ્યા પાય કૈલાસ, વાસા ઠિકાણે,
મહાદેવ સેવા કરે, સુખ માણે. ૨૪

પ્રથીપત માંહીં, વધાવો પ્રમાણું,
ઔની ફરે, સમુદ્રાં તંત આણું,[૧૨]
તુમ્હી માહમાઈ, મહી કચ્છ ભાણું,
થપ્યો આસપૂરી, સહી સુચ્છ થાણું. ૨૫

દીયો સંપદા, સુખ શાન્તિ સદાઈ,
મહી સુખ માણે, યોં કીજે સુમાઈ;
ભરો કચ્છ મેં સંપદા મન ભાઈ,
લહે ક્રોડ ક્રોડાનિ લોકો લુગાઈ. ૨૬
વડાઈ વડાઈ તુ માતુ વડાઈ!

---

૧૦ ભક્ષ કરે. ૧૧ શંકર. ૧૨ અવનિમાં સમુદ્રપાર લગી તમારી આણ ફરતી રહેજો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org